

# કલ્પિત કથાઓ, જૂઠાણું અને સત્ય



બિનસાંપ્રદાયિકતા અને
કોમી એકતાનું ભારત



## આપણે કોણ છીએ ?

*આપણે કોઈ એક ચોક્કસ દેશનું ગૌરવ નથી કે નથી આપણે કોઈ ચોક્કસ ધર્મના દુરાગ્રહી. નથી આપણે કોઈ ચોક્કસ જાતિ કે સંપ્રદાયમાં બંધાયેલા. આપણે દુનિયાના શ્રેષ્ઠ વિચારોમાં ભમીએ છીએ અને આપણે એ સ્વાધ્યાયને સમર્પિત છીએ. આપણું કર્તવ્ય દુનિયાના શ્રેષ્ઠ વિચારો અપનાવવાનો છે. આપણો ધ્યેય ભાઈચારાના વિચારોને સંવાદિત કરવાનો છે. આપણા વિચારો અને મંથનનું લક્ષ્ય સમગ્ર વિશ્વની ચેતનાને ઉજાગર કરવાનું છે.*

**-આચાર્ય વિનોબા ભાવે**

**અપેક્ષાઃ-**

- *બે ધર્મોના અનુયાયીઓ વચ્ચે ફેલાયેલી ગેરસમજને દૂર કરવાનો આ એક વિનમ્ર નાનકડો પ્રયાસ છે ત્યારે રચનાત્મક દિશામાં વિચારનારા તમામ નાગરિકોને વિનંતી છે કે તેઓ આ પુસ્તિકાને એકબીજા સુધી વધુને વધુ માત્રામાં પહોંચાડે અને ગેરસમજની દિવાલને તોડવામાં સહયોગ આપે.*
- *રચનાત્મક દિશામાં વિચારનારી વ્યક્તિઓ અને સંસ્થાઓ આ અને આવી બીજી પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરવા-કરાવવા ઈચ્છતી હોય તેઓ અમારો સંપર્ક કરી શકે છે.*

**પ્રકાશક (અંગ્રેજી આવૃત્તિ)**
**એડમીરલ વિષ્ણુ ભાગવત**
(પૂર્વ નૌસેના અધ્યક્ષ)
૧૯, હબીબ કોર્ટ, શહીદ ભગતસિંઘ માર્ગ, મુંબઈ - ૪૦૦ ૦૩૯
ટે.નં. ૦૨૨-૨૨૦૪૮૯૩૨/૨૨૮૧૬૪૯૬

પ્રથમ આવૃત્તિ
**અનિલ કે. સિંઘ**
**વાણી**
બી-૫૨, શિવાલીક,
નવી દિલ્હી-૧૧૦૦૧૭

સહયોગ રાશિ : **રૂપિયા ૫-૦૦**

**પ્રકાશક (ગુજરાતી આવૃત્તિ)**
લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ
ગુજરાત ટુડે કમ્પાઉન્ડ, શાહેઆલમ,
અમદાવાદ- ૩૮૦૦૨૮.

**હેલ્પીંગ હેન્ડ**
"હીના" કોમ્પ્લેક્સ, ગેંડી ગેટ રોડ, ચિત્તેખાન ગલી,
મોગલવાડા, વડોદરા- ૩૮૦૦૨૮.

**મુદ્રક :**
લોકહિત ઓફસેટ
ગુજરાત ટુડે કમ્પાઉન્ડ, શાહેઆલમ,
અમદાવાદ-૩૮૦૦૨૮.

# ‘ટીપુ સુલતાનનો ઈતિહાસ’

પ્રખર ગાંધીવાદી વિદ્વાન, પ્રસિદ્ધ ઈતિહાસકાર પંડીત સુંદરલાલના અંતેવાસી અને ‘બાબા’ના હુલામણા નામથી પરિચિત અને બિહારના ગવર્નરપદે રહી ચૂકેલા ‘ઈન્ટરનેશનલ ગાંધી પીસ ફાઉન્ડેશન’ના ચેરમેનપદે મરણપર્યંત રહી ચૂકેલા ડો. બિશમભરનાથ પાંડે એ મુસ્લિમ શાસકો વિરૂદ્ધ ફેલાયેલી ઘણી ઐતિહાસિક ગેરસમજો દૂર કરવાના વાસ્તવિક પ્રયાસો કર્યા હતા. જેનું ઉદાહરણ તેમણે લખેલા તેમના પોતાના પુસ્તક ‘ઈસ્લામ અને ભારતની સંસ્કૃતિ’માં ભારતના મધ્યકાલીન યુગના ઈતિહાસની વિકૃત રજૂઆતો વર્ણવતો ટીપુ સુલતાન અંગેનો એક બનાવ આલેખતા નીચે મુજબ જણાવ્યું છે.

“હું જયારે ૧૯૨૮માં અલ્હાબાદ ખાતે ટીપુ સુલતાન અંગે સંશોધન કરી રહ્યો હતો ત્યારે એંગ્લો બંગાલી કોલેજ સ્ટુડન્ટ યુનિયનનાં કેટલાક હોદ્દેદારો તેઓની કોલેજ ખાતે હિસ્ટ્રી એશોસીએશનનું ઉદ્‌ઘાટન કરવાનું આમંત્રણ લઈ મારી પાસે આવ્યા. તેઓના પાઠ્યપુસ્તકો તેઓ પાસે હતા. સાહજીક રીતે મેં તેમનું ઈતિહાસનું પાઠ્યપુસ્તક જોવા માટે લીધું અને ટીપુ સુલતાન અંગેનું પ્રકરણ ખોલ્યું જેમાં નીચે મુજબની નોંધે મારૂં ખાસ ધ્યાન ખેચ્યું.

“ટીપુ સુલતાને ૩,૦૦૦ બ્રાહ્મણોને ઈસ્લામ અંગીકાર કરવા ફરજ પાડતા તેઓએ આત્મહત્યા કરી હતી”.

પુસ્તકના લેખક હતા મહામુખોપાધ્યાય ડો. હરપ્રસાદ શાસ્ત્રી, જેઓ કલકત્તા વિશ્વ વિદ્યાલયના ઈતિહાસ વિભાગના વડા હતા. મેં તેઓને આ માહિતી કયાંથી મેળવી તે જણાવવા પત્ર લખ્યો. ઘણાં સ્મૃતિપત્રો લખ્યા પછી પ્રત્યુત્તર મળ્યો કે તે માહિતી તેમણે ‘મૈસૂર ગેઝેટીયર’માંથી લીધેલ. ‘મૈસૂર ગેઝેટીયર’ કલકત્તા ખાતે કે ઈમ્પીરીયલ લાયબ્રેરી, કલકત્તા ખાતે મળી શકયું નહીં.

આ સંજોગોમાં મૈસૂર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી બિજેન્દ્રનાથ સેલને પત્ર લખી શ્રી શાસ્ત્રીએ જણાવેલ હકીકતની પુષ્ટિ કરવા જણાવ્યું. સર બિજેન્દ્રનાથ સેલે મારો પત્ર પ્રો. શ્રીકાંતીયા કે જેઓ ‘મૈસૂર ગેઝેટીયર’ની નવી આવૃત્તિનું એડીટીંગ કરતા હતા તેમને મોકલી આપ્યો.

પ્રો. શ્રીકાંતીયાએ જવાબમાં જણાવ્યું કે ૩,૦૦૦ બ્રાહ્મણોની આત્મહત્યાના બનાવનો ‘મૈસૂર ગેઝેટીયર’માં કોઈ ઉલ્લેખ નથી અને તેઓ પોતે મૈસૂરના ઈતિહાસના જાણકાર હોઈ દ્રઢતાપૂર્વક જણાવે છે કે આવો કોઈ બનાવ મૈસૂરના ઈતિહાસમાં બનેલ નથી. તેઓએ વધુમાં જણાવ્યું કે ટીપુ સુલતાનના વડાપ્રધાન પુરનીઆ નામના બ્રાહ્મણ હતા અને લશ્કરના વડા પણ બ્રાહ્મણ હતા જેઓનું નામ ક્રિશ્ના રાવ હતું. ટીપુ સુલતાન વર્ષાસન આપતા હતા એવા ૧૫૬ મંદિરોની યાદી પણ મોકલી તેમજ ટીપુ સુલતાનને જેઓની સાથે ગાઢ સબંધ હતો તેવા શ્રૃંગેરીના જગદ્‌ગુરૂ શંકરાચાર્યને લખેલ ૩૦ પત્રોની ફોટો કોપી પણ મોકલી.

પ્રો. શ્રીકાંતીયાનું અનુમાન છે કે ડો.શાસ્ત્રીએ કર્નલ માઈલ્સ દ્વારા લેખિત કહેવાતો ‘મૈસૂરનો ઈતિહાસ’માંથી માહિતી લીધી હશે. કર્નલ માઈલ્સનું કહેવું છે કે ‘ટીપુ સુલતાનનો ઈતિહાસ’ કવીન વિકટોરીયાની અંગત લાયબ્રેરીમાંથી પ્રાપ્ત પર્શિયન હસ્તપ્રતનું ભાષાંતર કરેલ છે. તપાસ કરતા જાણવા મળેલ કે કવીન વિકટોરીયા પુસ્તકાલયમાં આવી કોઈ હસ્તપ્રત મોજૂદ નથી અને કર્નલ માઈલ્સ દ્વારા લખેલ પુસ્તકમાંની હકીકતો ઉપજાવી કાઢેલ અને સત્યથી વેગળી છે”.

# પ્રસ્તાવના

*આપણું રાષ્ટ્રચિહ્ન, અશોકના સિંહો અને ધર્મચક્ર 'સત્યમેવ જયતે'થી અલંકૃત છે.*

*જો કે વર્તમાન સમયમાં ફાસીવાદી સંસ્થાઓ અને તેમને ઉત્તેજન આપનારાઓ તેમના ધાર્મિક દેખાવના અંચળા હેઠળ કવાયતો કરે છે, અને જુઠ્ઠાણાઓ દ્વારા ધૃણા ફેલાવવામાં વ્યસ્ત છે, વિકૃતીઓ અને પૌરાણિક કથાઓને 'નવા ઈતિહાસ' તરીકે વર્ણવે છે.*

*આ નાનકડી પુસ્તિકા સૌપ્રથમ 'વાણી' અંતર્ગત ૧૯૯૩માં શ્રી અનિલ કે. સિંહ દ્વારા આપણા બાળકો, યુવાનો, શિક્ષકો અને વડીલોને સરળ સત્ય પહોંચાડવાના પ્રયાસરૂપે પ્રકાશમાં લાવવામાં આવ્યું કે જેથી તેઓ આપણા બંધારણે પ્રેમથી જતન કરાયેલી સંમિશ્રિત સંસ્કૃતિ અને રાષ્ટ્રના આદર્શોને સત્યરૂપે પ્રેમથી સ્વીકારે અને તેનું સમર્થન કરે.*

*આ સંકલન સૌપ્રથમ ૧૯૯૩માં પ્રકાશિત થયું ત્યારથી ગુજરાતે સુસંગઠિત સશક્ત ફાસીવાદનું પ્રદર્શન કર્યું છે કે જેણે છડેચોક લોકોના નાણાંની લૂટને ફૂલવા ફાલવા દીધી છે અને આ લૂટને વૈશ્વિક સુસંગઠિત ફાસીવાદ તરફથી સંપૂર્ણ સહકાર મળી રહ્યો છે.*

***મુંબઈ***
***જાન્યુઆરી ૨૬, ૨૦૦૩*** **એડમિરલ વિષ્ણુ ભાગવત**

# મહાન નેતાઓ-ધર્મપુસ્તકોના સંદેશાઓ

## ☛ સ્વામી વિવેકાનંદ

તમામ માનવીઓમાં ભાઈચારો અને આત્મિક સમાનતાની વાત કદી પણ હિંદુઓમાં આવી શકી નથી. આ પ્રેકટીકલ અદ્વૈતવાદ આપણે વિકસાવી નથી શકયા. સમાનતા અંગે ખરેખર માનવજાતને સાચો માર્ગ બતાવનાર ધર્મ હોય તો તે, એક માત્ર ઈસ્લામ ધર્મ છે. હું દઢપણે માનું છું કે, વંદનવાદ સુંદર અને અદ્‌ભુત હોવા છતાં ઈસ્લામ વગર માનવજાત માટે તેની કિંમત રહી શકી ન હોત. આપણી માતૃભૂમિ માટે બે પધ્ધતિઓ- હિંદુવાદ અને ઈસ્લામ એક માત્ર આશા છે. હું માનું છું કે, વૈદીક વિચારધારા અને ઈસ્લામી સંસ્થા (સુરાજ્ય વ્યવસ્થા)ના સંમિશ્રણથી આપણે ભવ્ય તથા જોરદાર અસરકારક જીવન જીવી શકીએ, અને તમામ પડકારોમાંથી આપણે બખૂબી બહાર આવી શકીએ.

'મને ગર્વ છે કે હું એવા ધર્મ સાથે સંકળાયેલો છું કે, જેણે વિશ્વને સહિષ્ણુતા તથા વૈશ્વિક ભાતૃત્વના મહાન પાઠ ભણાવ્યા હોય. આપણે માત્ર સહિષ્ણુતા માનીએ છીએ તેવું નથી પરંતુ દરેક ધર્મોને સાચા માનીએ છીએ. મને ગર્વ છે કે હું એવા દેશનો નાગરિક છું જેણે વિશ્વના તમામ ધર્મોના લોકોને તથા વિશ્વના તમામ દેશોના લોકોને આશ્રય આપ્યો છે.

જ્ઞાતિવાદ, કટ્ટરવાદ, ફાંસીવાદે આ સુંદર વિશ્વને વિકૃત બનાવી દીધો છે. આ કેટલાય વાદોથી વિશ્વ હિંસા તથા અવિશ્વાસભર્યા વાતાવરણથી ઉભરાઈ ગયું છે. માનવલોહી રેડીને કેટલીય ભવ્ય સુસંસ્કૃતિઓનો અંત લાવવામાં આ દૂષણોએ મોટો ભાગ ભજવ્યો છે. આવા તત્ત્વોથી દેશને ભારે મોટું નુકસાન થયું છે. આવા દૂષણો ન હોત તો આજે માનવજાતે કેટલોય વિકાસ સાધી લીધો હોત. હું નમ્રતાપૂર્વક વિનંતી કરું છું કે, આપણે આવા કટ્ટરવાદનો અંત આણવાની ખાસ જરૂર છે. કટ્ટરવાદને ફેલાવવા માટે આપણે તલવાર કે પેનનો ઉપયોગ ન કરીએ.

ધર્મની સંસદ હોય તો તે શું  બતાવે ? તે એ બાબત સાબિત કરે છે કે દરેક ધર્મના પવિત્રતા, સાદગી, સચ્ચાઈ અને નિષ્ઠા જેવા ઉચ્ચ મૂલ્યો છે. આ પ્રકારના મૂલ્યોથી માનવી સાચા અર્થમાં માનવી બની શકે છે. ધર્મના અસ્તિત્વ માટે આવા મૂલ્યોની જરૂર પડે છે. હું નમ્રતાપૂર્વક લોકોને વિનંતી કરું છું કે, આપણે સુસંવાદિતતા, શાંતિ, સહિષ્ણુતાથી જીવન જીવવાનો પ્રયત્ન કરીએ.'

## ☛ મહાત્મા ગાંધીજી

ધર્મોથી માનવી એકબીજા સાથે અલગ પડતો નથી પણ ધર્મ તો માનવીને સદભાવના, સમજદારી તથા સૌહાર્દતાના અમૂલ્ય ગુણોના બંધનથી જોડે છે. હું નથી ઈચ્છતો કે ભારતમાં એક જ ધર્મ હિંદુ કે ઈસ્લામ જ ચાલે પણ ભારતમાં તમામ ધર્મોને સમાન તકો મળે, કોઈ ધર્મ પોતાનું પ્રભુત્વ જમાવવા એવા કોઈ માર્ગ કે વિકલ્પો ન હાથ પર લે જેથી કરીને માનવજાતને નુકસાન થાય. ધર્મ સદાચાર, પારસ્પરિક સહકાર અને ભાતૃત્વની ભાવના તથા પરંપરાઓનું સુપેરે જતન કરવામાં આવે તે ઈચ્છનીય છે. ધર્મ તોડફોડ અને મતભેદો, દુશ્મનાવટના પરીઘમાંથી બહાર આવીને ભાઈચારો જન્માવે તે જ ઈચ્છનીય બાબત છે. આ માટે તમામ માનવજાતે પ્રયત્નો કરવા જોઈએ. ધર્મો ભલે અલગ રહે, પણ ધર્મની વાડાબંધી ન થાય તે જરૂરી છે.

તેમણે ચેતવણી આપી હતી કે, જો હિંદુવાદ ઈસ્લામ કે બિનહિંદુઓ તરફ નફરત રાખશે તો તેનો નાશ થશે. મુસ્લિમો મંદિરોને અપવિત્ર કરે તો હિંદુઓ મસ્જિદનો ધ્વંશ કરે તે ન્યાયી બાબત નથી. હિંદુઓ મૂર્તિ પૂજા કરે છે, મુસ્લિમો મૂર્તિપૂજા કરતા નથી પણ દરેક માનવી કોઈને કોઈ રીતે જરૂર પ્રાર્થના કરે છે.

ઈશ્વર-અલ્લાહ સર્વત્ર છે. માત્ર બાઈબલ કે કુર્આનમાં છે તેવું નથી. મંદિર-મસ્જિદમાં જ ઈશ્વર છે તેવી બાબત નથી. પણ અલ્લાહ-ઈશ્વર માનવીના શરીરની નસેનસમાં છે. વિશ્વના અણુઅણુમાં ફેલાયેલો છે. ઈશ્વર તો હવા કરતાં પણ વધુ જગ્યાએ ફેલાયેલો છે.

જે લોકો મસ્જિદને અપવિત્ર કરે તે માનવીઓ નથી પણ શેતાનો છે. કેમ કે મસ્જિદ, મંદિર અને ચર્ચો ઈશ્વરના ઘરો છે. હું અહીં તમોને મારું દુઃખ સમજાવવા માટે આવ્યો છું. કદાચ તમોને જે કંઈ થઈ રહ્યું છે તેનાથી મજા આવતી હશે પણ

હું તમોને ભારપૂર્વક જણાવું છું કે જે કંઈ થઈ રહ્યું છે તે અન્યાયી છે. આપણે એકબીજાના ધર્મસ્થાનોને તોડવાની કોઈ જરૂર નથી.

**-મહાત્મા ગાંધી માર્ચ ૧૨, ૧૯૪૭**

## ☛ ડો.રામમનોહર લોહિયા

કટ્ટરવાદી/કટ્ટરપંથી હિંદુઓએ ભારતની અકેતા તથા સમૃધ્ધિ માટે એક પણ વાર કામ કર્યુ હોય તેવું મને કયાંય યાદ નથી. જ્યારે એકતા અને સમૃધ્ધિ ભારતમાં આવી છે ત્યારે હિંદુ ધર્મના મવાળવાદીઓ દ્વારા જ આવી છે. જ્યારે પણ કટ્ટર હિંદુઓએ માથું ઉંચકયું છે ત્યારે દેશને સામાજિક અને રાજકીય રીતે ભારે નુકસાન થયું છે.

તેમણે જણાવ્યું હતું કે, જ્યારે કટ્ટરવાદી હિંદુઓ સફળ થશે ત્યારે ભારતના અનેક ટુકડા થશે.

## ☛ ધાર્મિક પુસ્તકો શું કહે છે ?

ભકતજન જે શ્રધ્ધાથી ધર્મનું આચરણ કરે છે, તે પ્રમાણે હું લોકોની આસ્થાનું પ્રતિબિંબ પાડું છું. **-ભગવદ્‌ગીતા**

આ અમારી માતૃભૂમિ વિવિધ ભાષા તથા ધર્મોનું આચરણ કરતા લોકોને આશ્રય આપે છે. **-અર્થવેદ**

ધર્મમાં કોઈ જબરદસ્તી નથી. **-કુર્આન**

અમે દરેક કાયદાનું પાલન કરવા માટે મનુષ્યને નીમ્યો છે. અલ્લાહતઆલા તમોને અજમાવશે ચીજો આપીને કે ચીજો લઈને. અલ્લાહ સારા-નરસા કર્મોને જાણે છે.

**-કુર્આન**

# ભારતની એકતા હિંદુ એકતા કરતા વધુ જરૂરી...!!

## ૧૯૬૪માં વિહિંપની સ્થાપના વેળા વિનોબાભાવે

હું માનું છું કે, વિશ્વના હિંદુઓ વચ્ચેની એકતા એ ભારતના લોકોને એક બનાવવા જેટલી મહત્ત્વની બાબત નથી. ભારતમાં વસતા તમામ ધર્મના લોકોએ એકબીજા સાથે પ્રેમ તથા સૌહાર્દના મજબૂત તાંતણે એકાકાર થઈને જીવવું જોઈએ. હિંદુઓને એક કરવા કરતા આ એક વધુ મહત્ત્વની બાબત છે.

આજે આપણા દેશમાં પાંચ કરોડ મુસ્લિમો, એક કરોડ ખ્રિસ્તીઓ, ૭૫ લાખ શીખો, ૨૦ લાખ જૈનો, પાંચ લાખ બૌધ્ધધર્મીઓ, ૫૦ હજાર પારસીઓ અને ૫૦ હજાર યહૂદીઓ છે. આ ઉપરાંત આપણા દેશમાં ચીની, તિબેટી અને નેપાળીઓ વિવિધ ધર્મો પર આસ્થા ધરાવે છે.

દરેક વ્યકિતને પોતાના ધર્મ મુજબ પૂજા-પ્રાર્થના કરવાની છૂટ છે. શંકરાચાર્યે જણાવ્યું હતું કે, ભકિત પોતપોતાની રીતે થવી જોઈએ, તેથી આજે મને લાગે છે કે, તમામ ધર્મો તથા સંપ્રદાયોના લોકોએ પ્રેમ અને સદ્ભાવના સાથે એકબીજા સાથે જીવવું જોઈએ.

આપણે એકબીજાના ધર્મપુસ્તકોનો અભ્યાસ કરીને અને એકબીજાના તહેવારોમાં હિસ્સો લઈને આ સપનું સાકાર કરવું જોઈએ. ભારતમાં વસતા તમામ સંપ્રદાયો કે કોમના લોકો વચ્ચે પ્રેમ તથા ભાઈચારાની ભાવનાને ઉજાગર નહીં કરાય તો આપણને સાચું સ્વરાજ મળ્યું ન કહેવાય. ભારતની પ્રજાને એકબીજા સાથે ન જોડયાની બાબત હિંદુ ધર્મ માટે ખરાબ ગણાશે.

(૨૭ માર્ચ, ૧૯૬૪ના રોજ વિશ્વ હિંદુ પરિષદની રચના વેળા એસ.એસ. આમટેને આચાર્ય વિનોબા ભાવેએ આપેલી સલાહ.

# કોમી એકતા અંગે એ મહાન નેતાઓ શું વિચારતા હતા ?

## શા માટે અને કેવી રીતે હિંદુ-મુસ્લિમ એકતા ?

શ્રી અરવિંદો

‘ભારત આઝાદ થઈ ગયું છે, પણ તેની પાસે બટકણી અને ત્રુટક સ્વતંત્રતા છે પણ હિંદુ અને મુસ્લિમ વચ્ચેના જૂના પુરાણા કોમી ભાગલા દેશના કાયમી રાજકીય વિભાજનની અસર છોડી ગયા છે. એવી આશા રાખવામાં આવે છે કે કોંગ્રેસ અને રાષ્ટ્ર આ હંગામી પરિસ્થિતિ સમજીને કાયમી ઉકેલ લાવવા માટે કમર કસશે. જો આ કોમી ભાગલા ચાલુ રહેશે તો ભારત ગંભીરપણે નબળું પડી જશે, માયકાંગલું બની જશે. વર્ગવિગ્રહની હંમેશા આશંકા રહેશે, નવા આક્રમણ અને વિદેશી દખલગીરી સતત ઝળુંબતી રહેશે. ભારતના હવે ભાગલા પડવા ન જોઈએ. પ્રગતિશીલ સમજણ અને વિચારધારાના આધારે તંગદિલીને ખતમ કરવી જોઈએ. દેશની એકતા માટે સુગ્રથિત-સંકલિત પ્રયાસો કરવા જોઈએ.

પ્રગતિવાદના આધારે દેશમાં એકતા આવવી જોઈએ, નહિ કે કટ્ટરવાદી વિચારસરણીના ધોરણે. ગમે તેમ કરીને ભાગલાઓને રોકવા જોઈએ. નહિ તો ભારતનું પ્રારબ્ધ ગંભીર રીતે તકલીફમાં મૂકાઈ જશે, ખોડંગાઈ જશે પણ આમ થવા નહીં દેવાય.

૧) હિંદુ-મુસ્લિમ એકતા રાજકીય ચતુરાઈથી કે મુસ્લિમોના તુષ્ટિકરણથી પ્રસ્થાપિત નહીં કરી શકાય. હૃદયથી પૂર્વગ્રહો દૂર કરીને અને દિલોદિમાગમાંથી ગેરસમજનો અંત આણીને બંને કોમો વચ્ચે એકતા સ્થાપી શકાય.

૨) હિંદુઓએ મુસ્લિમ ભાઈઓને પ્રેમ આપવો જોઈએ. દેશદાઝની ભાવના સાથે એ વાતનો સ્વીકાર કરવો જોઈએ કે, ભારતમાતાએ મુસ્લિમને પણ હંમેશા પોતાની ગોદમાં સમાવ્યા છે. ભારતની વિવિધ ધાર્મિક લઘુમતીઓની ઓળખ અને અસ્તિત્વ સામે ખતરો પેદા થાય તેવું કશું કરવું ન જોઈએ.

૩) મુસ્લિમ કોમને માત્ર મતબેંક તરીકે ગણવાની લાલચને ત્યજી દેવી જોઈએ. મુસ્લિમ કોમના આર્થિક, સામાજિક, શૈક્ષણિક સમસ્યાઓના નિરાકરણ માટે પ્રયાસો કરવા જોઈએ જેથી આ લઘુમતીને લઘુતાગ્રંથિ બંધાઈ ન જાય.

૪) ધાર્મિક કટ્ટરવાદીઓ દ્વારા પરિસ્થિતિ વણસાવવાના પ્રયાસોને વિફળ બનાવવા જોઈએ. કોમના સાચા હિતો વિશે આપણે સ્પષ્ટ થવું જોઈએ; અને લઘુમતીઓની સ્થિતિ વણસાવવાના પ્રયાસોથી આપણે વાકેફ રહેવું જોઈએ. ગુંડાગીરી અને વેરઝેરવાદને અત્યંત સખતાઈથી દબાવી દેવા જોઈએ. ઈસ્લામના ઉદારમતવાદીઓને પ્રોત્સાહન આપવું

જોઈએ.

૫) નબળાઈ અને કાયરતાથી કદી પણ કોમી એકતા સ્થાપી ન શકાય. હિંદુત્વ જીવનશૈલીમાં વધુ પ્રખર અને વૈશ્વિક મજબૂતાઈ સાથે હોવું જોઈએ. જે આપણી સંસ્કૃતિને વિશ્વ સમક્ષ મૂકી શકે. આધ્યાત્મિકતાના માર્ગે જ બીજા ધર્મો સાથે આપણે એક તાંતણે બંધાઈ શકીએ.

# પૌરાણિક યુધ્ધો ધર્મના નામે લડાયા ન હતા

મહારાણા પ્રતાપ તથા અકબર વચ્ચે ચાલેલી દીર્ઘ લડાઈ બહુ જ જાણીતી બાબત છે. પણ મહત્ત્વપૂર્ણ એ બાબતને યાદ કરવી જોઈએ કે બંનેના નિધન પછી તેઓના પુત્રોએ યુધ્ધને અટકાવી દેવાનો નિર્ણય કર્યો હતો. જહાંગીર અને અમેસિંહે સમજૂતી કરી હતી જે બંને જૂથો માટે સંતોષકારક બાબત બની રહી હતી.

આ તબક્કે આપણા કોમવાદી માનસ ધરાવતા ઈતિહાસકારો પોતાની જાળમાં જ ફસાઈ ગયા છે. કારણ કે તેઓએ અગાઉના તબક્કામાં હમેશાં ખાસ કશું બતાવ્યું નથી. માત્ર મોગલ શાસકો વિરુધ્ધ ઝેર જ ઓકયું છે. હવે તેઓને અમરસિંહની હળવી ટીકા કરવાની ફરજ પડી છે પણ યોગ્ય ઓળખ રૂપે તે જોરદાર યોધ્ધો અને મુત્સદ્દી નિવેદક તરીકે રહ્યા છે. તે લડાઈથી ડરતા ન હતા પણ લોકોના હિત માટે તેમણે શાંતિને પસંદ કરી હતી.

૧૮૫૭માં બ્રિટીશ સામે જોરદાર વિપ્લવ દરમ્યાન મોગલ બાદશાહ બહાદુરશાહ ઝફર પોતાની મોટી વય અને નબળાઈ છતાં હિંદુ-મુસ્લિમો માટે સ્વતંત્રતાનું પ્રતીક બન્યા હતા. આ વેળા કેટલીયવાર હિંદુ રાજાઓ બ્રિટીશરો તરફથી લડયા હતા.

મોગલ શાસન દરમ્યાન ખેલાયેલા મોટાભાગના યુધ્ધોને પ્રજાના માનસમાં હિંદુ-મુસ્લિમો વચ્ચેના જંગ તરીકે ઠસાવવામાં આવ્યા છે. પણ એક વાત જાણી લેવી જોઈએ કે શિવાજીના લશ્કરમાં સંખ્યાબંધ મુસ્લિમ સૈનિકો હતા અને કેટલાય મુસ્લિમ કમાન્ડરો હતા.

કોઈને જાણીને આશ્ચર્ય થશે કે ઔરંગઝેબના શાસન દરમ્યાન કેટલાય મરાઠા બૌધ્ધિકો મુગલ અદાલતોમાં મહત્ત્વના સ્થાનો પર હતા. હિંદુ રાજાઓની અદાલતમાં મુસ્લિમો ટોચના સ્થાને હતા તે બાબત તત્કાલીન યુગમાં સામાન્ય બાબત બની ગઈ હતી.

હાલ્દીઘાટ ખાતે હકીમ સૂર તથા તેના અફઘાન સૈનિકો રાણા પ્રતાપ વતી અત્યંત બહાદુરીપૂર્વક લડયા હતા. મોગલ લશ્કરમાં જયપુરના રાજા માનસિંહના નેતૃત્વ હેઠળ સંખ્યાબંધ રાજપૂત સૈનિકો હતા. ખાનવાના જંગમાં મહેમૂદ લોદી અને હસનખાન મેવાતી બાબરના લશ્કર સામે રાણા સંઘ વતી લડયા હતા.

આ ઉદાહરણો પરથી એક વાત સ્પષ્ટ બને છે કે મોગલ શાસન દરમ્યાનના બહુચર્ચિત યુધ્ધો હકીકતમાં હિંદુઓ-મુસ્લિમો વચ્ચેના યુધ્ધો ન હતા. હકીકતમાં સંખ્યાબંધ એવા બનાવો છે કે, મુસ્લિમો ધર્માંધવાદીઓ મુસ્લિમ શાસકો સામે લડયા છે. મોગલ શાસકોએ આવા બળવાને કચડી નાખવા કેટલીય વાર હિંદુ રાજાઓની આગેવાની હેઠળ મુસ્લિમ-હિંદુઓના લશ્કરને મોકલ્યા છે.

પ્રોફેસર સતીષચંદ્ર લખે છે કે, બળવાખોરોએ ૧૮૫૦થી ૧૮૫૧ એમ બે વર્ષ સુધી અકબરને ભારે તકલીફ આપી હતી. આ પછી અકબરે પ્રભુત્વ મેળવીને મુસ્લિમ કટ્ટરવાદીઓને સજા કરી હતી. પણ છેલ્લી ઘડીએ સ્થાનિક અધિકારીઓએ ગરબડ કરતા બિહારનો મોટાભાગનો હિસ્સો બળવાખોરોના હાથમાં આવી ગયો હતો અને તેઓએ મીરઝા હકીમને પોતાના શાસક તરીકે જાહેર કરી દીધા હતા. તેઓએ અકબર સામે લડવા માટે મુસ્લિમોને હાકલ કરતો ફતવો પણ બહાર પાડયો હતો. જોકે અકબર હિંમત હાર્યો ન હતો. તેણે તુરત જ બળવાખોરોને સીધા દોર કરવા માટે તોડરમાલ તથા રાજા માનસિંહના નેતૃત્વ હેઠળ લશ્કર મોકલ્યું હતું.

એ ખૂબ જ જાણીતી બાબત છે કે, શિવાજીના પિતાએ એક તબક્કે મોગલ વતી લડવાની તૈયારી બતાવી હતી. જો કે મોગલોએ પૂના નજીક તેમને જાગીર આપવાનું વચન ન આપતા આ સમજૂતી ભાંગી પડી હતી એ પણ સુપ્રસિધ્ધ બાબત છે કે, મરાઠાઓ મોટા પ્રમાણમાં મલીક અંબરના લશ્કરમાં જોડાયા હતા. અને દખ્ખણ વિસ્તારમાં મુસ્લિમ શાસકોના લશ્કરમાં ભાગ લીધો હતો.

જ્યારે બિકાનેરના હિંદુ રાજાનો મારવાડના રાજા સામે પરાજય થયો ત્યારે તેમના પરિવારે શેરશાહ સુરીની નિશ્રામાં આશ્રય મેળવ્યો હતો. જ્યારે હુમાયુ શેરશાહ સુરીના હાથે પરાજય પામ્યો ત્યારે તેણે અમરકોટના હિંદુ રાજા પાસે આશ્રય લીધો હતો. જ્યાં અકબરનો જન્મ થયો હતો.

આ ઉદાહરણો પરથી સ્પષ્ટ રીતે સાબિત થાય છે કે, મોગલ ભારતનો ઈતિહાસ એ હિંદુ-મુસ્લિમો વચ્ચેની લડાઈનો ઈતિહાસ નથી. પણ ભારતીય રાજાઓ મિશ્ર લશ્કર સાથે એકબીજા સામે લડતા રહ્યા હતા. વધુમાં હીરો અને વિલનો કોઈ એક ધર્મના હોય તેવું ન હતું. કેટલાય એવા પ્રસંગો બન્યા છે કે જેમાં હિંદુઓએ મોટું હૃદય તથા માફીની ભાવના દર્શાવી છે. તો કેટલીક જગ્યાઓએ મુસ્લિમોએ આવી ઉદ્દાત ભાવના બતાવી હતી. સંત કબીરદાસ તથા ગુરુ નાનક જેવા નામાંકિત લોકોએ વૈશ્વિક ભાઈચારા તથા પ્રેમની અખંડ જ્યોત જલાવીને તે સમયમાં સાચા હીરોની છાપ જમાવી હતી.

# મુસ્લિમોનું વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રદાન

તાજેતરમાં 'હિંદુસ્તાન ટાઈમ્સ'માં એક લેખમાં જણાવાયું હતું કે ન જાહેર થયેલી સામાજિક વાસ્તવિકતા એ છે કે, કોઈ સાચો સુશિક્ષિત ભારતીય મુસ્લિમ સમાજ વિના ભારતની કલ્પના કરી ન શકે, ભારતીય સંગીત, રમતગમત, કલા, સાહિત્ય અને સંસ્કૃતિ ક્ષેત્રે મુસ્લિમોએ જોરદાર ફાળો આપીને મોટું પ્રદાન આપ્યું છે. આ સમાજનું પ્રદાન ઘણા અંશે ધ્યાન પર લેવાયું નથી.

### સંગીત અને કાવ્ય

પ્રેમશંકર ઝા નામના અગ્રણી પત્રકારે એવો અભિપ્રાય દર્શાવ્યો છે કે, ગઝલ અને ઠુમરીમાં આ સમાજનો ફાળો છે. ૧૦મી સદીમાં આ 'ખ્યાલ' મૂર્તિમંત થયો હતો. હિંદુ-મુસ્લિમ વચ્ચે આ કલાનું મિશ્રણ સર્જન થઈ ગયું હતું.

કલા વિવેચક ચીદાનંદ દાસગુપ્તા જણાવે છે કે ઉત્તર ભારતીય કલાસીકલ સંગીતના કારણે ૫૦૦થી વધુ વર્ષની હિંદુ-મુસ્લિમ સંસ્કૃતિ ઉજાગર થઈ છે. બંને ધર્મમાંથી કોઈની પણ રૂઢિચુસ્તતા તેને અટકાવી શકી નથી.

ઈબ્રાહીમ-આદિલશાહી (બીજાપુર- ૧૫૮૦-૧૬૨૬) પાસે તેના કાફલામાં ૩૦૦ હિંદુ ગાયકો હતા. તેમણે ૫૯ કાવ્યોનું પુસ્તક ઉર્દૂમાં તૈયાર કર્યું હતું. જેનું નામ કિતાબ-એ-નૌરસ હતું. સરસ્વતી દેવી માટે આ પહેલું પુસ્તક તૈયાર કરાયું હતું.

ચૈતન્ય મહાપ્રભુએ તેમની વૈશ્વવ પરંપરાઓ તરફ સંખ્યાબંધ મુસ્લિમોને આકર્ષિત કર્યા હતા. ભગવાન જગન્નાથની પ્રશંસામાં પ્રસિધ્ધ મુસ્લિમ કવિ સાલબેગે રચેલી કૃતિઓ આ દિવસોમાં ખુબ જ પ્રખ્યાત થઈ હતી.

ભગવાન રામના સૌથી મહાન ભકત ગોસ્વામી તુલસીદાસને મુસ્લિમો પ્રત્યે જરાપણ નફરત ન હતી. બાબર દ્વારા રામજન્મભૂમિ ધ્વંસ વિશે તેમણે કયારેક ઉલ્લેખ કર્યો ન હતો. તેઓ અકબરના નવરત્ન પૈકી અર્બ્દુર રહીમ ખાનાખાનના ખાસ મિત્ર હતા. રહીમે ભગવાન રામની પ્રશંસામાં કેટલીય રચનાઓ તૈયાર કરીહતી. તેની કવિતા ભારતના કેટલાય ભાગોમાં ખૂબ જ લોકપ્રિય બની હતી. આ ઉપરાંત સુવિખ્યાત મુસ્લિમ કવિ રાસખાને ભગવાન કૃષ્ણની પ્રશંસામાં કાવ્યો રચ્યા હતા.

### સ્થાપત્ય

ઝા કહે છે કે હિંદુ સ્થાપત્યો અને મુસ્લિમ સ્થાપત્યો વિશ્વમાં પ્રખ્યાત બન્યા છે. આ સ્થાપત્યોમાં બંને ધર્મોની મહાન પરંપરા હમેશાં કંડારવામાં આવી છે. બંને પરંપરાનું શ્રેષ્ઠ મિશ્રણ જોવું હોય તો ફતેહપુર સિકી ખાતે જોધાબાઈના મહેલ અને કુવત-ઉલ-ઈસ્લામ મસ્જિદ જોઈ લેવી. જોધપુર, બિકાનેર અને જેસલમેરના સ્થાપત્યો અને રાજસ્થાનની હવેલીઓ શ્રેષ્ઠ સ્થાપત્યની આલબેલ પોકારે છે.

### પેઈન્ટીંગ

ઝા ભારતીય પેઈન્ટીંગ અંગે લખે છે કે આ ક્ષેત્રે પણ પર્શીયન ટેકનીકો અને પ્રખર હિંદુ રંગોના મિશ્રણથી તેમાં કાવ્યમય સુંદરતાની રંગોળી સર્જાઈ ગઈ છે. પેઈન્ટીંગ પણ બંને સંપ્રદાયોની મહાનતાની પૂરતી ઝલક આપે છે.

છીલદાનંદા દાસ ગુપ્તા લખે છે કે, પર્શીયન પેઈન્ટીંગમાં મુગલ તથા રાજપૂત કલાકારોએ 'જાન' રેડી દીધી હતી. બિનસાંપ્રદાયિક તથા કોમી એકતાને દર્શાવતા પેઈન્ટીંગ સમાજને રાહ ચીંધતા હતા.

ઉત્તર ગંગોપધ્યાય દક્ષિણ બંગાળના ચિત્રકારો વિશે લખે છે કે આ ચિત્રકારો નાના પિકચર સ્કેપ સાથે એક ગામથી બીજા ગામ જતા હતા. આ ચિત્રકાર ગમે ગમે તે ગામમાં પહોંચે ત્યારે ત્યારે તેને સાંભળવા માટે સારી પેઠે શ્રોતાજનો મળી રહેતા હતા. પેઈન્ટીંગ દ્વારા તે અત્યંત અદભુત અસિવલત વાણીમાં લોકોને એકતા-બિનસાંપ્રદાયિકતાની વાતો સમજાવતા હતા. આ પૈકી કેટલાય એવા મુસલમાનો એવા હતા કે તેઓ હિંદુઓની પુરાણકથાઓ લોકોને સંભળાવીને પેટિયું રળી લેતા હતા. શ્રોતાજનોનો મૂડ પારખીને આ ચિત્રકાર રામાયણ, મહાભારત, શિવ, દુર્ગા કે જગન્નાથની વાર્તાઓ સંભળાવતા હતા.

### ધાર્મિક યાત્રા

ઉજ્જવલ ચૌધરી કહે છે કે, જો કોઈ કેરળમાં સબરીમાલા મંદિરે જાય તો માર્ગમાં મહાન મુસ્લિમ સંત વાવસસમાનું ધર્મસ્થાન આવે છે ત્યાંથી સબરીમાલા જતા ભકતજનોના કપાળ પર મુસ્લિમ મુજાવર વિભૂતિ લગાડે છે.

રાજસ્થાનના ગંગાનગર, માયસોરમાં કોબર તથા બીજા ઘણા સ્થળોએ મંદિર મસ્જિદોનું એકીસાથે અસ્તિત્વના કેટલાય ઉદાહરણો છે. મુસ્લિમોની ઉત્સાહપૂર્વકની મદદ વિના આપણે અમરનાથ અને કાનવરીસ જેવા હિંદુ ધર્મસ્થાનોનું વિચારી જ ન શકીએ.

# મુસ્લિમો પ્રત્યે શિવાજી મહારાજનું સૌહાર્દપૂણ વલણ

પૌરાણિક ભારતમાં શિવાજીનું નામ અત્યંત બહાદુર, દયાળુ અને શકિતશાળી નેતા તરીકે જાણીતું થયું હતું. તેઓ ભારતીય ઈતિહાસના એક અગ્રીમ વ્યકિત તરીકેની અમીટ છાપ ધરાવે છે. તેમની અસાધારણ સિધ્ધિઓથી તે પ્રજામાં ભારે પ્રિય થયા છે. પરંતુ અત્યંત કરૂણ બાબત એ છે કે આ મહાન રાજાનું નામ તાજેતરના સમયમાં એક ચોક્કસ કોમ સામે નફરત ફેલાવવામાં વાપરવામાં આવે છે. રાષ્ટ્રીય એકતા- અખંડિતતાના પ્રતીક સમા આ મહાન યોધ્ધાને ધિક્કારની લાગણી ફેલાવવા માટે સાવ અલગ રીતે ચીતરવામાં આવી રહ્યા છે.

કેટલીક ઐતિહાસિક વાસ્તવિકતાઓ પર નજર નાખવામાં આવે તો ખ્યાલ આવે છે કે શિવાજીને ઈસ્લામ ધર્મ વિશે અત્યંત ઉચ્ચકક્ષાનું સન્માન હતું અને પોતાના સમયમાં મુસ્લિમોનો પ્રેમ તથા લાગણી તેમણે જીતી હતી. તેમણે પોતાના સમયમાં મુસ્લિમોને મહત્ત્વની જવાબદારીઓ સોંપી હતી. શિવાજીએ પોતાના લશ્કરમાં પણ મુસ્લિમોને સારી એવી જગ્યાઓ પર રાખ્યા હતા. તેમના મહેલની સામે એક મસ્જિદ બાંધી હતી. તેઓ મુસ્લિમ સંતોને ખૂબ જ માન આપતા હતા. અને તેમના સમયમાં મુસ્લિમ તરફ જરાપણ ભેદભાવ રાખવામાં આવતો ન હતો.

વી.બી. કુલકર્ણી તેમના પુસ્તક શિવાજી- ધ પ્રોટ્રેઈટ ઓફ એ પેટ્રોઈટમાં લખે છે કે બીજા ધર્મો તરફનો તેમનો પૂજયભાવ જાણીતો છે. તેઓ ઈસ્લામ તથા ખ્રિસ્તી ધર્મના પવિત્ર પુરુષોને ખૂબ જ માન આપતા હતા. તેઓના ખાસ મિત્ર તરીકે બાબુ યાકુત જાણીતા છે. જ્યારે સંખ્યાબંધ મુસ્લિમ ધર્મસ્થાનોને તેમની સરકાર તરફ પેશગીઓ મળતી હતી. તેઓ સુરત ખાતે ફાધર એમબ્રોસને મળ્યા હતા ત્યારે તેમને શિવાજીએ ભારે માનપાન આપ્યું હતું. મંદિર અને ગીતાને જે પ્રમાણે તેઓ માનસન્માન આપતા તે પ્રમાણે જ તેઓ મસ્જિદ તથા કુર્આનને માનની નજરે જોતા હતા. તેમણે તેમના હાથોથી અત્યંત માન સાથે પવિત્ર  કુર્આન મુસ્લિમોને ભેટ આપતા હતા.

તમામ ધર્મો તરફની તેમની લાગણી તથા સદભાવનાના કારણે તેઓ પોતાની ફરતે અત્યંત મજબૂત વફાદાર લશ્કરીદળ ઊભું કરી શકયા હતા.

કુલકર્ણી લખે છે કે તમામ જ્ઞાતિ તથા વર્ગોના લોકોએ શિવાજીના સમયમાં દેશમાં નવી વ્યવસ્થાના સર્જન માટે અત્યંત ઉત્સાહથી ભાગ લીધો હતો. ઉત્તર પશ્ચિમ પ્રાંતમાં પઠાણોએ નવસર્જન માટે હિંદુ કોમરેડ સાથે ખભેખભા મિલાવીને લડાઈ લડી હતી. કોકણમાં મરાઠા નૌકાદળે મુસ્લિમોને હથિયારો આપી દીધા હતા. ત્યારે મરાઠા દળના મનમાં મુસ્લિમોની વફાદારી પ્રત્યે જરાપણ શંકા ન હતી કે તેઓ ધર્મના નામે પ્રદેશ પ્રત્યે બિનજવાબદારી દાખવશે. ખરેખર મરાઠાઓ સાથે મુસ્લિમોએ ખભેખભા મિલવીને સરહદોની રક્ષા કરી હતી. ઈબ્રાહીમખાન શિવાજી મહારાજના તોપખાનાના જનરલ તથા દોલતખાન પાયદળના જનરલ હતા. મુસ્લિમ લશ્કરીઓએ સંપૂર્ણ વિશ્વાસ તથા વફાદારી સાથે બિનપક્ષપાતી રહીને પોતાની જવાબદારી નિભાવી હતી.

આ પ્રકારના સમાન અભિપ્રાયો બીજા જાણીતા ઈતિહાસકાર જી.એસ. સરદેસાઈએ તેમના પુસ્તક 'ન્યુ હિસ્ટ્રી ઓફ મરાઠા-ભાગ-૧'માં વ્યકત કર્યા હતા. શિવાજીએ કદી પણ પોતાના ગુરુઓ સાથે ચર્ચા કર્યા વિના કોઈ ગંભીર કામ કર્યું નથી. શિવાજીએ હિંદુ અને મુસ્લિમ સંત વચ્ચે કદી કોઈ ભેદભાવ રાખ્યો ન હતો. તેમણે દરેકને સમાન સન્માન આપ્યું હતું. પોતાની રાજધાની રાયગઢ ખાતે તેમણે પોતાની રોજિંદી પૂજાપાઠ માટે જગદીશ્વર મંદિર બંધાવ્યું હતું. તે પ્રમાણે મહેલની સામે મુસ્લિમો માટે મસ્જિદ બંધાવી હતી.

વધુમાં સરદેસાઈ લખે છે કે હિંદુ ધર્મને બચાવવાની ઝુંબેશમાં શિવાજીએ કદી પણ મુસ્લિમો કે તેના ધર્મને નુકસાન પહોંચાડવાનો પ્રયત્ન કર્યો નથી. તેમણે પોતાના રાજ્યમાં મુસ્લિમોને પૂરી ધાર્મિક સ્વતંત્રતા આપી હતી. તેમની પાસે કેટલાય મુસ્લિમ નોકરો હતા. જેમણે ખૂબ જ સારો સહકાર શિવાજીને આપ્યો હતો. તેમના મુખ્ય નૌકા કમાન્ડરોમાં દોલતખાન તથા સીદી મીસરી હતા. શિવાજીના વિશ્વાસુ વિદેશ સચિવ (મુનશી) મુલ્લા હૈદર નામના ધાર્મિક મુસ્લિમ હતા. શિવાજીના શાસન હેઠળ મુસ્લિમોની વસ્તી ખાસ્સી હતી. તમામ મુસ્લિમો ખૂબ જ સુખચેનથી રહેતા હતા.

આમ શિવાજી રાષ્ટ્રીય ઐકયના મહાન પ્રતિક સમાન હતા. પણ તાજેતરના સમયમાં શિવાજીના નામે કેટલાક કટ્ટરવાદીઓ લઘુમતીઓ ખાસ કરીને મુસ્લિમો સામે ખોટો પ્રચાર કરે છે. શિવાજી જો હયાત હોત અને આવું થાત તો તેમને જરૂર આઘાત લાગ્યો હોત.

# કોમવાદ સામે ઈતિહાસનો સંદેશ

**પ્રશ્ન :** ખાનવાના જંગમાં બાબર સામે રાણાસંગ લડયા ત્યારે તેમને સૌથી વધુ કોણે મદદ કરી ?

**ઉત્તર :** આ અત્યંત મહત્ત્વના યુદ્ધમાં હસનખાન મેવાતીએ રાણાસંગને ખૂબ જ મદદ કરી હતી.

**પ્રશ્ન :** બાબરે તેના પુત્ર હમાયુ માટે છેલ્લો સંદેશો શું છોડયો હતો ?

**ઉત્તર :** બાબરે પુત્ર હુમાયુને દેશના ધર્મ એટલે હિન્દુવાદને સન્માન આપવા અને મંદિરો, ગાયોની ઈજ્જત કરવાની સલાહ આપી હતી.

**પ્રશ્ન :** બાબરે તેની સ્મરણિકામાં કેટલાક ઐતિહાસિક સ્થળોની ખૂબ જ પ્રશંસા કરી છે આ સ્થળો કયાં છે ?

**ઉત્તર :** બાબરે ગ્વાલિયર તથા તેની આસપાસના મંદિરોની ખૂબ જ પ્રશંસા કરી છે.

પ્ર.૪ પ્ર ૧થી ૩ જોતા શું એમ માની શકાય કે બાબરે અયોધ્યામાં મંદિર ધ્વંસની યોજનાને બહાલી આપી હોય ?

**ઉત્તર :** જરાપણ શકયતા લાગતી નથી.

**પ્રશ્ન :** મોટાભાગની ઉચ્ચ લાયકાત ધરાવતા અગ્રણી ઈતિહાકારો દૃઢ અભિપ્રાય ધરાવે છે કે બાબરે અયોધ્યામાં મંદિર તોડયું નથી તે સાચુ છે ?

**ઉત્તર :** હા, ઈતિહાસકારો વારંવાર આમ કહે છે, તેઓએ લેખિતમાં પણ આ અભિપ્રાય દર્શાવ્યો છે.

**પ્રશ્ન :** તો પછી આ મુદ્દો કોણ પ્રકાશમાં લાવ્યું.

**ઉત્તર :** બ્રિટીશ શાસન દરમ્યાનના ઈતિહાસકારોએ આ મુદ્દો ઉઠાવ્યો હતો.

**પ્રશ્ન :** એ વાત સાચી છે કે બ્રિટીશ ઈતિહાસકારોએ હિન્દુ- મુસ્લિમ વચ્ચે તંગદિલી વધે તે માટે આ મુદ્દો ઉઠાવ્યો હતો.

**ઉત્તર :** હા, તેઓની આ યોજના જ હતી. સેક્રેટરી ઓફ સ્ટેટ વુડે ૧૮૫૭માં લોર્ડ ઈલજીને લખ્યું હતું કે આપણે ભારતમાં એક જૂથને બીજા સામે લડાવીને સત્તા ટકાવી રાખી છે અને આપણે આમ જ રાખવું જોઈએ.

**પ્રશ્ન :** મોગલશાસન દરમ્યાન હિન્દુદળો સામાન્ય રીતે મુસ્લિમ દળો સાથે લડયા હતા. અથવા મિશ્ર યુદ્ધો ખેલાયા હતા ?

**ઉત્તર :** મોટાભાગના યુદ્ધો મિશ્રિત હતા. મોગલબાદશાહો તથા બીજા મુસ્લિમ રાજાઓ પાસે હિન્દુ જનરલો તથા સૈનિકો હતા, તેજ પ્રમાણે હિન્દુ રાજાઓની સ્થિતિ હતી. ઔરંગઝેબને સામાન્ય રીતે લોકો કટ્ટર મુસ્લિમ શાસક તરીકે ગણે છે. પરંતુ તેમની સેનામાં હિન્દુ જનરલો હતા, તે પ્રમાણે હિન્દુઓના હૃદયસમ્રાટ એવા શિવાજીના લશ્કરમાં મહત્ત્વના સ્થાનો પર મુસ્લિમો હતા.

**પ્રશ્ન :** જ્યારે બિકાને સત્તા હિન્દુ રાજાનો મારવાડના રાજાની સાથે પરાજય થયો ત્યારે તેણે કોની પાસે આશ્રય લીધો હતો ?

**ઉત્તર :** શેરશાહ સુરી સાથે

**પ્રશ્ન :** શેરશાહ શુરીના હાથે હુમાયુ પરાજિત થયો, ત્યારે તેણે કોની પાસે આશ્રય લીધો હતો ?

**ઉત્તર :** અમરકોટના હિન્દુ રાજાને ત્યાં, જ્યાં અકબરનો જન્મ થયો હતો.

**પ્રશ્ન :** રાણાપ્રતાપ વતી ખૂબ જ હિંમતથી લડતા લડતા એક જનરલનું મોત થયું હતું પણ રાજસ્થાનમાં આ જનરલને બાદ કરાય છે. તેનું નામ આપો ?

**ઉત્તર :** આ જનરલનું નામ હકીમખાન સુર છે તે રાણા પ્રતાપના લશ્કરમાંથી અકબરના દળો સામે તેના અફઘાન સૈનિકો સાથે બહાદુરીપૂર્વક લડયો હતો.

**પ્રશ્ન :** એવા કયા બે રાજાઓ છે, તેઓએ પોતાના મહેલ પાસે ખાસ ધાર્મિક સ્થાનો ઉભા કર્યા હતા.

**ઉત્તર :** શિવાજીએ પોતાના મહેલ પાસે મસ્જિદ તથા ટીપુ સુલતાને પોતાના મહેલ પાસે મંદિર બંધાવ્યું હતું.

**પ્રશ્ન :** અવધના નવાબોનું મંદિરો તરફ કેવું વલણ રહ્યું હતું.

**ઉત્તર :** તેઓ કેટલાય મંદિરોને ટેકો આપ્યો હતો અને જમીનની ફાળવણી કરી હતી, નવાબ સફદરજંગ અને દીવાન અસાકુદલ્લાહ મુખ્ય બે નામો છે.

**પ્રશ્ન :** જવાબ સફદરજંગના ખાસ સાથી લડતા મૃત્યુ પામ્યા હતા, તેનું નામ શું હતું ?

**ઉત્તર :** આ નવાબરાય નામના હિન્દુ હતા.

**પ્રશ્ન :** નવાબ સિરાજુદૌલા સાથે પ્લાસીના યુદ્ધમાં કેટલાય લોકોએ ગદ્દારી કરી હતી તે વેળા તેમની વતી કોણ વીરતાપૂર્વક લડયા હતા ? તેનું નામ આપો.

**ઉત્તર :** મોહનલાલ નામના હિન્દુ લડયા હતા.

**પ્રશ્ન :** જ્યારે કાશ્મીરી પંડિતો ભયના માર્યા ખીણ છોડી પાછા ગયા હતા ત્યારે કાશ્મીરના મુસ્લિમ શાસકે તેઓને પાછા લાવવા પહેલ કરી હતી તે શાસક કોણ હતા ?

**ઉત્તર :** ઝૈનુલ આબિદીને આ માટે ઉમદા પ્રયાસો કર્યા હતા.

**પ્રશ્ન :** ૧૮૫૭માં મુસ્લિમ સ્વાતંત્ર્ય સેનાનીઓ હિન્દુઓ ખાસ કેવું વલણ અપનાવ્યું હતું ?

**ઉત્તર :** મુસ્લિમોએ બ્રિટીશ વતી જે વિસ્તારો પર કબજો કર્યો હતો ત્યારે ગૌહત્યા પર પ્રતિબંધ ફરમાવ્યો હતો.

**પ્રશ્ન :** ઝાંસીકી રાણીના મિત્રો કોણ હતા, જે મૃત્યુ સુધી તેની વતી લડયા હતા ?

**ઉત્તર :** જુહી અને મોતીબાઈ.

**પ્રશ્ન :** ઝાંસીના કિલ્લાના રક્ષા વેળા રાણીને સૌથી વધુ સહાય કયાંથી મળી ?

**ઉત્તર :** વીર તોપથી કુંવર ગુલામ ગૌસખાન ઝાંસીને બચાવતા મૃત્યુ પામ્યા હતા.

**પ્રશ્ન :** સ્વાતંત્ર્ય ચળવળ ૨૦મી સદી તરફ આગળ વધી ત્યારે સૌથી મોટી સમસ્યા કઈ નડી ?

**ઉત્તર :** હિન્દુ-મુસ્લિમ બંને કોમોમાં કોમી પરિબળોનો ઉદય.

**પ્રશ્ન :** કોમવાદી પરિબળોએ પરસ્પર લાભકારી સંમતિઓ કરી છે ?

**ઉત્તર :** ૨૧ હા.

**પ્રશ્ન :** તાજેતરના ૧૯૯૩ની મુંબઈની હિંસાખોરીમાં આ અંગે કેટલાક પુરાવાઓ સપાટી પર આવ્યા હતા ?

**ઉત્તર :** હા, કમનસીબે આ અંગે ઝીણવટીપૂર્વક તપાસ કરાઈ નથી.

**પ્રશ્ન :** હિન્દુ કોમવાદીઓના સૌથી શ્રેષ્ઠ મિત્રો કોણ છે ?

**ઉત્તર :** મુસ્લિમ કોમવાદીઓ. તેઓ હિંદુ કોમવાદીઓ કામ કરી શકે તેવું વાતાવરણ સર્જે છે.

**પ્રશ્ન :** મુસ્લિમ કોમવાદીઓના સૌથી શ્રેષ્ઠ મિત્રો કોણ છે ?

**ઉત્તર :** હિંદુ કોમવાદીઓ. તેઓ મુસ્લિમ કોમવાદીઓ કામ કરી શકે તેવું વાતાવરણ સર્જે છે.

# મંદિરો માટે કેટલાય મુસ્લિમ શાસકો રક્ષક બન્યા હતા, ગ્રાન્ટ આપી હતી

બાબરી મસ્જિદ-રામજન્મ ભૂમિ વિવાદથી સામાન્ય પ્રજામાં એવી છાપ પ્રસ્થાપિત થઈ છે કે પ્રાચીન ભારતમાં મુસ્લિમ શાસકોએ હિન્દુ મંદિરોનો ધ્વંશ કર્યો છે, માની લઈએ કે અમુક આ પ્રકારના કમનસીબ બનાવો બન્યા હોય; પણ વ્યાપકપણે ચિત્ર એવું સ્પષ્ટ બની રહ્યું છે કે, પ્રાચીન ભારતમાં મુસ્લિમ શાસકોએ મોટાભાગના મંદિરો બનાવવામાં ખૂબ જ સહકાર આપ્યો હતો. હવે તો ઈતિહાસકારો પણ આ વાતને મહદઅંશે સમર્થન આપી રહ્યા છે.

ઉદાહરણરૂપે આપણે વૃંદાવન-મથુરા વિસ્તારના મંદિરો તરફ મોગલ શાસકોની નીતિ પર નજર નાખીએ. આ હિન્દુયાત્રાધામ દિલ્હી અને આગ્રાથી સૌથી નજીક હતાં. મોગલ સલ્તનતના આ મુખ્ય બે કેન્દ્રો હતા, તેથી આ ધર્મસ્થાનોના પાદરીઓ અને ભકતજનો સાથે મોગલ શાસકોના સંબંધો જાણવાનું મહત્ત્વનું બની જાય છે. આ મંદિરો પરત્વે અકબર, જહાંગીર અને શહાંજહાની કેવી નીતિ હતી તે અંગેના સંખ્યાબંધ દસ્તાવેજો મળી આવે છે. આ દસ્તાવેજો વૃંદાવન રીસર્ચ ઈન્સ્ટીટયૂટ તથા બીજા મંદિરો પર હજુ પણ ઉપલબ્ધ છે, તારાપડા મુખરજી અને ઈરફાન હબીબે ઈન્ડિયન હીસ્ટ્રી કોંગ્રેસના ૪૮-૪૯માં સત્રમાં આ દસ્તાવેજોનો અભ્યાસ રજૂ કર્યો હતો.

મોગલશાસનના દસ્તાવેજોના આધારે મુખરજી અને હબીબે કરેલા અભ્યાસ પ્રમાણે અકબરે ૨૭ ઓગસ્ટ ૧૫૯૮ અને ૧૧ સપ્ટેમ્બર ૧૫૯૮ના રોજ તેના ફરમાનોમાં મંદિરના સેવકોને ગ્રાંટ આપવાની જાહેરાત કરી હતી અને વૃંદાવન, મથુરા તથા આસપાસના મંદિરોને નાણાકીય સહાય પણ આપવાની જાહેરાત કરી હતી, જહાંગીરે આ ગ્રાંટ ચાલુ તો રાખી હતી જ, પણ તેમાં નોંધપાત્ર વધારો પણ કર્યો હતો. ૧૫૯૮ની અકબરની ગ્રાંટ ૩૫ મંદિરોને મળતી

હતી. જહાંગીરે મંદિરના સેવકોના પાંચ પરિવારોને ૨૧૨ જેટલી વીઘા જમીન આપી હતી. જહાંગીરે ખુદે ૧૬૨૦માં વૃંદાવનની મુલાકાત લીધી હતી.

દસ્તાવેજમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયો છે કે, મંદિરના પૂજારીઓ કોઈ પણ સમસ્યા નડતી તો તેઓ મોગલ શાસકો અથવા તેમના વરિષ્ઠ અધિકારીઓને મળતા હતાં અને તેઓની સલાહ પ્રમાણે સમસ્યાનો ઉકેલ શોધતા હતા. હકીકતમાં, એવા દસ્તાવેજો પણ મળી આવ્યા છે કે, બે પૂજારીઓ વચ્ચે કોઈ ધાર્મિક મુદ્દે, મતભેદ સર્જાતો હતો તો પણ તેઓ મોગલ શાસકો અથવા તેમના ખાસ અધિકારીઓને મળતા હતાં. દામોદરદાસ રાધાવલ્લભ તથા કિશનચેતન વચ્ચેનો વિવાદ દસ્તાવેજમાં સારી પેઠે રજૂ કરાયો છે.

ઔરંગઝેબના શાસન દરમ્યાન મંદિરોની ગ્રાંટ અને જાળવણી ખર્ચ ચાલુ રાખવામાં આવ્યો હતો. ઔરંગઝેબે અલાહાબાદ, વારાણસી, ઉજ્જૈન, ચિત્રકુટ તથા આસપાસના મંદિરોને સારી રીતે સહાય કરી હતી તે ઈતિહાસકાર ડો. બી.એન. પાંડેના અભ્યાસમાં બહાર આવ્યું છે.

ચિત્રકુટના સુપ્રસિદ્ધ યાત્રાધામમાં ઔરંગઝેબે બાલાજીમંદિરનું નિર્માણ કરાવી દીધું હતું અને તેની જાળવણીમાં આઠ ગામોની આવક પણ આપી દીધી હતી. આ હકીકતને ટેકો આપતા દસ્તાવેજ હજુ પણ મંદિરમાં ઉપલબ્ધ છે. ટીપુ સુલ્તાને કેટલાય હિન્દુ મંદિરોને ગ્રાંટ આપવામાં ઉચ્ચ મુસ્લિમ શાસક તરીકેની પ્રતિષ્ઠા મેળવી હતી. યંગ ઈન્ડિયા જરનલ (તંત્રી મહાત્મા ગાંધી)નાં જણાવ્યા પ્રમાણે, ટીપુએ હિન્દુ મંદિરોને કિંમતી જમીનોની ભેટ આપી હતી, આ ઉપરાંત શ્રી વેંકારારામન્ના, શ્રીનિવાસ, શ્રીરંગનાથ જેવા મંદિરોને સહાય આપી હતી.

અવધના નવાબોએ અયોધ્યાના મંદિરોને કેટલીય ગ્રાંટ આપી હતી અને બીજી અનેક રીતે મંદિરોની રક્ષા કરી હતી. નવાબ સફદરગંજના દિવાને અયોધ્યામાં કેટલાય મંદિરો બાંધ્યા હતા. અને બીજા કેટલાય મંદિરોનું સમારકામ કરાવી દીધું હતું. નવાબ સફદરગંજે હનુમાનગઢી ખાતે મંદિરના બાંધકામ માટે જમીન આપી હતી. અસાફકુલ્લાહના દિવાને મંદિરના બાંધકામ માટે વધુ સહાય આપી હતી. આ પરથી સ્પષ્ટપણે પ્રતિપાદિત થાય છે કે, આપણે કોમી પ્રચારનો ભોગ બનવાને બદલે ઈતિહાસનો અભ્યાસ કરવો જોઈએ. બંને કોમોએ એકબીજાના ધર્મસ્થાનોની રક્ષા કરી હતી. આપણે પણ આ પરંપરાને જાળવી રાખવી જોઈએ.

# કોમવાદી હિંસાચારનું નુકસાન

કોમવાદી હિંસાચારમાં સૌથી કરૂણ બાબત એ હોય છે કે આ માનવસર્જીત આફતમાં જાનમાલની મોટી તારાજી થાય છે. ૧૯૮૨-૧૯૯૦ સુધીની કોમી તથા ત્રાસવાદી હિંસાખોરીમાં ભારતમાં અંદાજે ૫૦,૦૦૦ માણસો માર્યા ગયા હતા. ઘવાયેલાઓ તથા ઘરવિહોણાઓ લગભગ ૧૦ લાખ લોકો હતા. બચી ગયેલા લોકો ભારે નુકસાનીમાં આવી ગયા હતા.

કોમી તોફાનોના કારણે અસહ્ય આર્થિક નુકસાનીનો ભોગ બનવું પડયું છે. ૧૯૯૩ જાન્યુઆરીમાં મુંબઈમાં ૧૦ દિવસની હિંસાખોરીમાં રૂા. ૧૨૦૦ કરોડનું નુકસાન થયું હતું એમ મહારાષ્ટ્રના ઉદ્યોગપ્રધાનનો અહેવાલ હતો. રૂા. ૩૦૦ કરોડના નિકાસ ઓર્ડરો રદ કરાયા હતા.

**કોને શું મળ્યું... કોણે શું ગુમાવ્યું ?**

હોટલ માલિકો અને વેપારીઓ જેવા આર્થિક રીતે સક્ષમ લોકોને તોફાનોની અસર પહોંચે છે જ પરંતુ રોજેરોજનું રળી ખાતા લોકોને રમખાણોની સૌથી વધુ અસર થાય છે. કેટલાય એવા લોકો હોય છે કે જેઓની રોજિંદી વાહન વ્યવહાર વ્યવસ્થાને રમખાણોની અસર થતાં તેઓને પણ આવકમાં ફટકો પડે છે કારણ કે તેઓ નોકરી ધંધાના સ્થળ પર દરરોજ પહોંચી શકતા નથી. કેટલાક ગરીબ પરિવારો દૂર પાણી લાવતા હોવાથી અશાંતિને કારણે બહાર જઈ શકતા નથી તેથી તેઓને પાણી વગર રહેવું પડે છે. આમ તોફાનોના કારણે વિવિધ ક્ષેત્રના લોકોને ખૂબ જ અસર થાય છે. તોફાનોને કારણે સફાઈ કામદારો તેમની ફરજ યોગ્યપણે નિભાવી ન શકતા કચરોપૂંજો ભેગો થાય છે. તેથી રોગચાળાનો ભય ફેલાય છે. ઘરબારના બારીબારણા બંધ રહેતા હોવાથી ચોખ્ખી હવા મળતી નથી. લોકોને દવાઓ સહેલાઈથી મળતી નથી અને કેટલાય વિસ્તારોમાં હુમલાઓના સતત ભયથી ભારે તંગદિલી રહે છે.

સમાજના નબળા વર્ગોને મૃત્યુ પામવાનો તથા ઘાયલ થવાનો સતત ભય રહે છે. મોટાભાગના દંગા પછાત વિસ્તારોમાં જ થાય છે. તેઓના મકાનો નાના હોય છે અને હુમલાઓનો સામનો કરવાની કોઈ સગવડતાઓ હોતી નથી. તેઓની આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતાં તેઓને અશાંત વાતાવરણમાં પણ બહાર નીકળવાની જરૂર પડે છે અને તેથી તેઓ પર ખતરો વધી જાય છે.

ગરીબોને સૌથી વધુ અસર પડે છે. કોમી તોફાનોથી સામાજિક વિભાજન થઈ જાય છે. કોમી તોફાનોથી નવા આર્થિક પરિમાણસ સર્જાય છે. કોમી હિંસાચાર મધ્યમ વર્ગની તો કમર તોડી નાખે છે.

કેટલાક લોકો એવા છે કે, જેઓને આ રમખાણોથી લાભ થાય છે. રાજકારણીઓ સૌથી વધુ લાભમાં રહે છે. તેઓ નફરત અને ધિક્કારની લાગણીને મતોમાં તબદીલ કરે છે. ગુંડાઓને માનપાન મળે છે. લોકો તોફાનોથી ભાગતા હોવાથી કેટલાક ભારે લોકો જમીનો પર કબજો કરી લે છે. ગુંડાઓ લોકો પાસેથી નાણાં પડાવે છે.

**આ હિંસાખોરી શા માટે ?**

હાલની હિંસાખોરીનું વાતાવરણ એ માટે ખાસ સર્જવામાં આવે છે કે રાજકારણીઓ દૃઢપણે માન છે કે આવતી ચૂંટણીમાં મતો મેળવવા હશે તો સમાજની મુખ્ય બે કોમો વચ્ચે તિરાડ પડાવી દો. તેઓ માત્ર મતો મેળવવા માટે જ આ હિંસાચાર કરાવે છે. રાજકારણીઓ લોકોને ઉશ્કેરે છે અને આ પછી તેઓ સમાધાન કરી નિવેદનો કરીને દેખાવ કરે છે પણ નુકસાન ખૂબ જ થઈ ચૂકયું હોય છે. આર્થિક નુકસાન જબ્બર થતું હોવાથી દેશની વાસ્તવિક આર્થિક સમસ્યાઓ તરફથી પ્રજાનું ધ્યાન હટી જાય છે. સામાજિક તડા પાડીને રાજકારણીઓ, ગુંડાઓ, અને બિલ્ડરોની ત્રિપુટી પોતાના હિતો તથા સ્વાર્થો પુરા કરવામાં રાચે છે.

**આશાસ્પદ ચિત્ર**

વાસ્તવિકતા એ છે કે, પરિસ્થિતિ ખૂબ જ ગંભીર છે પણ હિંમત હારવાની જરૂર નથી. આપણે આશા કદી પણ છોડવી ન જોઈએ. કેટલાક ખૂબ જ તંગદિલીભર્યા વિસ્તારોમાં આપણે પ્રજા તથા પ્રામાણિક અધિકારીઓએ ભેગા મળીને હિંસાખોરી અટકાવવી જોઈએ. હિંસાખોરી ન થાય તે માટેની પૂર્વ તૈયારી કરવી જોઈએ. ભાગલપુર અલીગઢ અને ભીવંડી જેવા શહેરો વ્યાપક ઉશ્કેરણી છતાં ૧૯૯૨ ડિસેમ્બર અને જાન્યુઆરી ૧૯૯૩માં શાંત રહ્યા હતા.

**શું કરી શકાય ?**

- કટોકટી ચરમસીમાએ પહોંચે તે પહેલા મોહલ્લા સમિતિઓની રચના કરવી.
- પરિસ્થિતિ પર બારીકાઈથી નજર રાખીને જરૂર પડયે સમયબદ્ધ કામગીરી કરી શકાય.
- તોફાનીઓને ઓળખી કાઢીને આગોતરી ધરપકડ કરવી.
- અગ્રણી અને વિશ્વાસુ વ્યકિતઓનો ટેકો મેળવવો.
- નાગરિક સમસ્યાઓના ઉકેલ માટે શાંતિ સમિતિઓને સક્રિયપણે સાંકળવી.

આ ઉપરાંત વિવિધ કોમોની વ્યકિતઓના બચાવ માટે બીજી કોમના લોકો આગળ આવે તો મોટી આશા સર્જાઈ શકે.

જ્યારે કલકત્તાના ગાર્ડન રીય વિસ્તારમાં મંદિર પર ટોળાએ હુમલો કર્યો ત્યારે મુસ્લિમ કોન્ટ્રાકટર ઝાહીર સરદારે મંદિરના પૂજારી તથા તેના પરિવારને બચાવી લીધો હતો. ઝાહીરે આ પરિવારને માત્ર આશ્રય એટલુ જ નહી આપ્યો હતો. તે ઉપરાંત શાકાહારી જમણની વ્યવસ્થા કરી હતી. (ઈન્ડિયા ટુડે, ૧૫ જાન્યુ.) અમદાવાદના મિલ્લતનગરમાં ૧૪ વર્ષીય કાળુ તથા તેની ત્રણ બહેનો તોફાની ટોળાની બૂમો-ચીચીયારીઓથી થરથર ધ્રૂજતા હતા જો કે, તેના પડોશીઓ તેઓની મદદે આવ્યાં હતાં અને મસ્જિદમાં તેઓને આશ્રય આપ્યો હતો. પાછળથી તેઓએ તેમની ઝૂંપડપટ્ટીને વિનાશલીલામાંથી બચાવી લીધી હતી.

બીજી આશાસ્પદ નિશાની એ છે કે, ૧૯૯૨-૧૯૯૩ ડિસેમ્બર/જાન્યુઆરીના અભિપ્રાય મોજણીમાં એવું પ્રતિપાદિત થયું છે કે, કોમવાદનો વ્યાપ હજુ સુધી ભયજનક ચિહ્ન વટાવ્યો નથી.